તારીખ : 30/07/2026

# હવામાન વિભાગની ભારેથી અતિભારે વરસાદની આગાહી; અમરેલી જિલ્લા તંત્ર સતર્ક




અમરેલી, તા. 30 જુલાઈ, ૨૦૨૬ - ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. ૩૧ જુલાઈ તથા ૦૧ ઓગસ્ટ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ તેમજ તેજ પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. આગાહીને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનમાં તમામ લાઈન વિભાગોના અધિકારીઓ સાથે પૂર્વ તૈયારી અને સમીક્ષા બેઠક યોજાઈ હતી.બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણ સજ્જ રહેવા તથા પૂર્વ આયોજન સાથે કામગીરી કરવા સૂચના આપી હતી. ખાસ કરીને વરસાદ અને પવનને કારણે સર્જાઈ શકે તેવી કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપી શકાય તે માટે જરૂરી માનવબળ, મશીનરી અને સાધનો તૈયાર રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.જિલ્લાના કોસ્ટલ તાલુકાઓ સહિત દરિયાકાંઠાના ગામોમાં વિશેષ સતર્કતા રાખવા સૂચના આપવામાં આવી હતી. નીચાણવાળા વિસ્તારો, દરિયાકાંઠાના ગામો તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા, જરૂર જણાય તો લોકોને સલામત સ્થળે ખસેડવાની પૂર્વ તૈયારી રાખવા તેમજ સ્થાનિક તંત્ર સાથે સતત સંકલન જાળવવા સૂચના આપવામાં આવી હતી અને જિલ્લા તંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી હતી.

તારીખ : 30/07/2026

# રાજ્યમાં આગામી ત્રણ દિવસ ધોધમાર વરસાદી માહોલની આગાહી, અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના



રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ જામશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને મધ્ય અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રને સતર્ક રહેવા તેમજ નાગરિકોને જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.શુક્રવાર, 31 જુલાઈ, 2026ના રોજ અમદાવાદ, આણંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ નોંધાઈ શકે છે. આ વિસ્તારોમાં રેડ એલર્ટ જેવી સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે.સાથે જ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લામાં પણ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય જિલ્લાઓમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાઈ શકે છે.હવામાન વિભાગના અનુમાન મુજબ રવિવારથી વરસાદની તીવ્રતામાં ધીમે ધીમે ઘટાડો જોવા મળશે. રવિવારે ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદની શક્યતા છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં પડી શકે છે.આગામી સોમવાર અને મંગળવારે રાજ્યભરમાં વરસાદનું પ્રમાણ વધુ ઘટશે અને માત્ર છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ નોંધાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# ગુરુપૂર્ણિમા એટલે ગુરુ વંદના

શ્રી બાઢડા કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ.એન. વિરાણી હાઈસ્કુલ બાઢડા ખાતે ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમા દિવસ નિમિત્તે ગુરુ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . જેની અંદર શાળાના આચાર્ય શ્રી ડો. મધુરભાઈ બગડા દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાગત પ્રવચન અને ગુરુપૂર્ણિમાના મહત્વ વિશે સમજ આપી હતી.તેમજ ધોરણ 12 ના બહેનોમાંથી રાદડિયા તૃષા ડુબાણીયા જાગૃતિ દ્વારા ભજન ગાય અને ધોરણ 9 માંથી દાદરેચા ધ્રુવી અને સમા જેનાબ દ્વારા વક્તૃત્વ રજૂ કરવામાં આવ્યું કે ગુરુ જીવનમાં અંધકારરૂપી કષ્ટ દૂર કરી સફળતાનો પ્રકાશ પાથરે છે તેઓ દિવસ એટલે ગુરુપૂર્ણિમા જેની વિશે પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા તેમજ મદદનીશ શિક્ષક કમલેશભાઈ ભટ્ટી દ્વારા ગુરુ સાખી ગાય ગુરુ મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું આ કાર્યક્રમનું સફળ સંચાલન ડુબાણીયા પ્રીતિ અને ગોહિલ જાનવી દ્વારા કરવામાં આવ્યું હતું જેના માર્ગદર્શક મદદનીશ શિક્ષક દમયંતીબેન ગોહિલ અને ધુમડિયા કૃપાબેન હતા. આભાર વિધિ મદદનીશ શિક્ષક શ્રી ડી એન બોઘરા સાહેબ દ્વારા કરવામાં આવી હતી.







કે.ડી NEWS
તારીખ : 30/07/2026

# અમરેલી જિલ્લામાં ૧ થી ૮ ઓગસ્ટ દરમિયાન 'નારી વંદન સપ્તાહ'ની ભવ્ય ઉજવણીનું આયોજન

અમરેલી તા. 30 જુલાઈ,૨૦૨૬- ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આગામી ૧ ઓગસ્ટ થી ૮ ઓગસ્ટ દરમિયાન સમગ્ર રાજ્યમાં 'નારી વંદન સપ્તાહ'ની ઉજવણી કરવાનું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ રાજ્યવ્યાપી મહોત્સવના ભાગરૂપે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ જિલ્લામાં મહિલા સશક્તિકરણ અને જાગૃતિ લાવવા માટે વિવિધ થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાપ્તાહિક ઉજવણીને પરિણામલક્ષી અને સંપૂર્ણ સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગો તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે વિશેષ સંકલન સાધીને જિલ્લાભરમાં વિશિષ્ટ જનજાગૃતિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે.આ સાપ્તાહિક મહોત્સવ અંતર્ગત જિલ્લામાં પ્રત્યેક દિવસ માટે મહિલા ઉત્કર્ષને વેગ આપતા વિશેષ વિષયો (Themes) નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ, ૦૧ ઓગસ્ટે મહિલા સુરક્ષા દિવસ, ૦૩ ઓગસ્ટે બેટી બચાવો બેટી-બેટી પઢાવો દિવસ, ૦૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ અને ૦૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસની વિશેષ ઉજવણી થશે. આ જ શ્રૃંખલાને આગળ ધપાવતા ૦૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, ૦૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ તેમજ સપ્તાહના અંતિમ દિવસે એટલે કે ૦૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની થીમ હેઠળ સમગ્ર અમરેલી જિલ્લામાં વિભિન્ન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ છે તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઘર આંગણાની ઓફરની
૨૪ મી વર્ષગાંઠ માનવંતા ગ્રાહકમિત્રોના
અદ્વિતિય વિશ્વાસની ઉજવણીનો
ઠાઠ બની રહેશે !




જે ખરીદશે ડાયમંડ, ગોલ્ડ, સીલ્વર, પ્લેટીનમ આભુષણો તે થશે માલામાલ

## કોન બનેગા માલામાલ-૨૦૨૭ ?

- **પ્રથમ ઈનામ** — NISSAN CAR-1 GRAVITE (VISIA MT) 7 SETAR
- **દ્વિતીય ઈનામ** — ALTO (K10)-1 STD (PETROL MT)
- **તૃતીય ઈનામ** — HONDA ACTIVA (STD)-1
- **ચોથુ ઈનામ** — TVS SPORT BIKE (BS-VI)
- **પાંચમું ઈનામ** — TUNWAL E-BIKE-1 (MINI LITHINO)
- **છઠ્ઠુ ઈનામ** — TIGER E-BIKE-1 STD
- **સાતમુ ઈનામ** — WHIRPOOL 192 L 4 STAR 215 IMPC
- **આઠમુ ઈનામ** — SAMSUNG-80 CM HD LED TV 32 INCH
- **નવમુ ઈનામ** — WHIRPOOL 7KG MAGIC CLEAN

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

કુલ ઈનામો **૫૫૧**

**₹૭૫૦૦ 'ફ્રી'** ખરીદી પર એક માલામાલ કુપન

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮


તારીખ : 30/07/2026

# ગુરુ પૂર્ણિમા ના પવિત્ર દિવસે લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા શ્રી નિર્દોષાનંદજી આશ્રમ સાવરકુંડલા ખાતે રક્તદાન કેમ્પ નું સુંદર આયોજન




આ રક્તદાન કેમ્પમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા તેમજ શ્રી નિર્દોષાનંદજી આશ્રમના તમામ સેવકગણ તેમજ લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલાના તમામ મેમ્બરે હાજરી આપી હતી ફક્ત ત્રણ જ કલાકમાં જ 55 બોટલ રક્તદાન એકત્રિત થયું હતું.

તે બદલ બ્લડ બેન્ક ઓફ સાવરકુંડલા ના તમામ સ્ટાફ ની ખૂબ સારી કામગીરી રહી હતી.






# અમરેલી સીટી તથા લાઠી પોલીસ દ્વારા 'અમરેલી સુરક્ષા કવચ (ASK)' એપમાં પરપ્રાંતીય શ્રમિકોનું નોંધણી અભિયાન



અમરેલી જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ અમરેલી શહેર અને જિલ્લામાં રહેતા પરપ્રાંતીય લોકોની સુરક્ષા તેમજ તેમની ચોક્કસ માહિતી ઉપલબ્ધ રહે તે હેતુથી અમરેલી સીટી પોલીસ સ્ટેશન તથા લાઠી પોલીસ સ્ટેશન દ્વારા અમરેલી સુરક્ષા કવચ (ASK) એપ્લિકેશનમાં પરપ્રાંતીય શ્રમિકો અને રહેવાસીઓનું નોંધણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ અભિયાન દરમિયાન પોલીસ કર્મચારીઓ દ્વારા વિવિધ વિસ્તારો, ઉદ્યોગો, કારખાનાઓ, બાંધકામ સાઈટો તેમજ ભાડાના મકાનોમાં જઈ પરપ્રાંતીય લોકોની વિગતો એકત્રિત કરી ASK એપ્લિકેશનમાં તેમનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. સાથે જ સ્થળ માલિકો, કોન્ટ્રાક્ટરો અને મકાન માલિકોને તેમના ત્યાં રહેતા અથવા કામ કરતા પરપ્રાંતીય વ્યક્તિઓની માહિતી સમયસર પોલીસને આપવાની અપીલ કરવામાં આવી હતી.પોલીસ દ્વારા જણાવાયું હતું કે અમરેલી સુરક્ષા કવચ (ASK) એપ્લિકેશનનો મુખ્ય હેતુ પરપ્રાંતીય લોકોની સુવ્યવસ્થિત




માહિતી ઉપલબ્ધ કરાવવાનો, ગુનાખોરી પર અસરકારક નિયંત્રણ રાખવાનો તેમજ કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાનો છે.અમરેલી જિલ્લા પોલીસે નાગરિકોને અપીલ કરી હતી કે પોતાના વિસ્તારમાં રહેતા અથવા કામ કરતા પરપ્રાંતીય વ્યક્તિઓની માહિતી ASK એપ્લિકેશન મારફતે નોંધાવી પોલીસને સહયોગ આપે, જેથી જિલ્લામાં સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણ જાળવી શકાય.

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 30/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

॥ જય જિનેન્દ્ર ॥

# રોડ ટચ નવકાર બંગલો ત્રણ દુકાન સાથે વેચવાનો છે...

સાવરકુંડલામાં ગૌશાળા રોડ ટચ બંગલો ત્રણ દુકાન સાથે ફીકસ ફર્નિચર સાથે ૬૨x૯૩ = ૬૩૮ વાર જગ્યા બાસઠ ફુટનુ મોઢુ ત્રાણુ ફુટ ઉંડુ,

P.G. માટે, જ્ઞાતિની વાડી માટે, ટ્યુશન કલાસ માટે, પ્લાયવુડ હાર્ડવેર માટે, રેતી કપચી લોખંડના વેપાર માટે, દુધના તબેલા માટે, દરેક ધંધા માટે, રહેવા તથા ધંધા માટે અનુકુળ સુપર લોકેશનવાળી જગ્યા છે. કેરીયર, ટ્રક, બસ મોટા વાહનો રહી શકે તેવું સુપર પાર્કીંગ છે. ચાર રોડ મળે છે.

ખાસ નોંધ : બંગલો ત્રણ દુકાન પ્લોટના ભાવમાં આપી દેવાના છે.

**મકાન, દુકાન, ગોડાઉન ભાડે લેવા તથા ભાડે દેવા માટે ઝડપી કામ માટે મળો..**

**ટાઇટલ કલીયર મિલ્કત લેવા તથા વેચવા માટે મળો..**

જયારે હોય મિલ્કત લેવાનું કામ,
જયારે હોય મિલ્કત વેચવાનું કામ બસ ત્યારે યાદ કરો
બીપીનભાઇ ડી. માટલીયાનું નામ...

એસ્ટેટ બ્રોકર : બીપીનભાઈ ડી. માટલીયા
ઠે.મગીયા શેરી, માતૃછાયા, સાવરકુંડલા. મો. 94272 66085

કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# ગુરુપૂર્ણિમાએ ભરૂચના જલારામ મંદિરે ભક્તિનો મહાસાગર છલકાયો; હજારો ભક્તોએ પાદુકા પૂજન કરી ગુરુકૃપાના આશીર્વાદ મેળવ્યા






ભરૂચ, ભારતીય સંસ્કૃતિમાં ગુરુને અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવનાર પરમ પૂજ્ય સ્થાન આપવામાં આવ્યું છે. ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા, શ્રદ્ધા અને સમર્પણની ભાવના વ્યક્ત કરતો પાવન ગુરુપૂર્ણિમા મહોત્સવ ભરૂચના ગાયત્રીનગર સ્થિત શ્રી જલારામ બાપાના મંદિરે ભક્તિ અને આધ્યાત્મિક ઉલ્લાસ વચ્ચે ઉજવાયો હતો. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની ભારે અવરજવર જોવા મળી હતી અને સમગ્ર વાતાવરણ 'જય જલારામ' તથા ભક્તિમય સ્તુતિઓથી ગુંજી ઉઠ્યું હતું.અષાઢ સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે ચારેય વેદોના સંકલનકાર, મહાભારતના રચયિતા અને મહાન ઋષિ મહર્ષિ વેદવ્યાસની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવે છે. શાસ્ત્રોમાં ગુરુને પરમાત્મા સુધી પહોંચાડનારા માર્ગદર્શક તરીકે વર્ણવવામાં આવ્યા છે. સ્કંદ પુરાણ અનુસાર 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે તેનો નાશ કરનાર. એટલે કે શિષ્યના જીવનમાંથી અજ્ઞાન દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવે તે જ સાચા અર્થમાં ગુરુ છે.ગુરુ માત્ર શિક્ષણ આપનાર વ્યક્તિ નથી, પરંતુ શિષ્યના જીવનનું ઘડતર કરનાર શિલ્પી છે. ગુરુ શિષ્યમાં રહેલી પ્રતિભા, શક્તિ અને સંસ્કારોને ઉજાગર કરીને તેને આદર્શ જીવન જીવવાની દિશા આપે છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, કબીર, સ્વામી વિવેકાનંદ અને સ્વામી દયાનંદ જેવા મહાપુરુષોના જીવનમાં પણ ગુરુનું સ્થાન સર્વોચ્ચ રહ્યું છે. સંત કબીરદાસે કહ્યું છે, "ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગું પાય... બલિહારી ગુરુ આપકી, જો ગોવિંદ દિયો બતાય." આ પંક્તિ ગુરુના મહિમાને ઉજાગર કરે છે.ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે શ્રી જલારામ બાપાના મંદિરે પાદુકા પૂજન, અર્ચન, દર્શન, આરતી અને પ્રસાદીનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ભક્તોએ શ્રી જલારામ બાપાની પાદુકાનું વિધિવત્ પૂજન કરીને ગુરુકૃપા અને આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર પરિસરમાં દિવસભર ભક્તિમય માહોલ છવાયેલો રહ્યો હતો અને મોટી સંખ્યામાં ઉમટેલા ભાવિકોએ દર્શનનો લાભ લઈ પોતાના જીવનમાં સદાચાર, સેવા અને માનવતાના માર્ગે ચાલવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ગુરુપૂર્ણિમાના આ પાવન અવસરે ભરૂચના શ્રી જલારામ બાપાના મંદિરે શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિનું અનોખું દૃશ્ય સર્જાયું હતું, જ્યાં ગુરુના ચરણોમાં નમન કરવા ઉમટેલા ભક્તોએ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ સાથે ગુરુકૃપાનો પ્રસાદ પ્રાપ્ત કર્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલામાં સૌ પ્રથમવાર

# અમર કૃપા ડેરી ફાર્મ

## ભેળસેળને કહો અલવિદા, શુધ્ધ દુધને કહો આવકાર




**પ્યોર ગાય તથા ભેંસનું દુધ ફ્રી હોમ ડીલેવરી કરી આપીશું...**

સમય :-

સવારે ૬ થી ૮ * સાંજે ૬ થી ૮

-: સ્થળ :-

## સુર્યદેવ ચોક, સાવરકુંડલા

સંપર્ક : મો. 91731 44484

ક્રિકેટ NEWS

તારીખ : 30/07/2026

# અજિંક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહ્યું અલવિદા, ભાવુક મનથી લીધો નિવૃત્તિનો નિર્ણય




ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી અને શાંત સ્વભાવના બેટ્સમેન અજિંક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. પોતાની સંયમિત બેટિંગ, ટીમ પ્રત્યેની નિષ્ઠા અને કપરી પરિસ્થિતિમાં જવાબદારીપૂર્વકની રમત માટે જાણીતા રહાણેએ વર્ષો સુધી ભારતીય ક્રિકેટને યાદગાર યોગદાન આપ્યું છે.અજિંક્ય રહાણેએ ટેસ્ટ, વન-ડે અને ટી-20 એમ ત્રણેય ફોર્મેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં તેમની બેટિંગ અને નેતૃત્વની ક્ષમતા સૌના દિલમાં વિશેષ સ્થાન ધરાવે છે. વર્ષ 2020-21માં ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન એડિલેડ ટેસ્ટમાં ભારતની હાર બાદ નિયમિત કેપ્ટનના અભાવમાં ટીમનું સુકાન સંભાળી મેલબોર્ન ટેસ્ટમાં ઐતિહાસિક જીત અપાવવાની તેમની સિદ્ધિ ભારતીય ક્રિકેટના સુવર્ણ પાનાંમાં સદાય અંકિત રહેશે.

રહાણે પોતાની શાંત, નમ્ર અને સંઘર્ષમય રમત માટે જાણીતા રહ્યા. તેમણે અનેક મહત્વપૂર્ણ પ્રસંગોએ ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢી ભારતને યાદગાર વિજયો અપાવ્યા હતા. મેદાન પર તેમની સજ્જનતા અને રમત પ્રત્યેનો સમર્પિત અભિગમ યુવા ક્રિકેટરો માટે પ્રેરણારૂપ બન્યો છે.નિવૃત્તિની જાહેરાત બાદ દેશ-વિદેશના અનેક વર્તમાન અને પૂર્વ ક્રિકેટરો, ક્રિકેટપ્રેમીઓ તેમજ ચાહકોએ સોશિયલ મીડિયા મારફતે રહાણેને તેમના સફળ આંતરરાષ્ટ્રીય કારકિર્દી બદલ શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના યોગદાનને હૃદયપૂર્વક યાદ કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહ્યા બાદ હવે અજિંક્ય રહાણે ઘરેલુ ક્રિકેટ તેમજ અન્ય ક્રિકેટ લીગોમાં પોતાની સેવાઓ આપતા રહેશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.અજિંક્ય રહાણેનું નામ ભારતીય ક્રિકેટના એવા ખેલાડીઓમાં હંમેશા યાદ રહેશે, જેમણે શાંતિ, શિસ્ત, સમર્પણ અને સંઘર્ષના બળે દેશનું ગૌરવ વધાર્યું. તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દી અનેક યુવા ક્રિકેટરો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા નગરપાલિકા

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, હાલમાં ચોમાસાની ઋતુ શરૂ હોય અને ભેજવાળા વાતાવરણને કારણે શહેરમાં આવેલ સ્ટ્રીટ લાઈટના થાંભલા તથા સ્ટ્રીટ લાઈટના વાયરમાંથી વિજ કરન્ટ લીક ન થાય અને શોર્ટસર્કીટ ન થાય તે માટે નગરપાલિકા દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવે છે તેમ છતાં આકસ્મીક સંજોગોમાં શોર્ટસર્કીટના બનાવો બનવાની શક્યતાને ધ્યાને લેતા શહેરમાં આવેલ સ્ટ્રીટ લાઈટના થાંભલા તથા સ્ટ્રીટ લાઈટના વાયર પાસેથી પસાર થતી વખતે ખૂબ જ સાવચેતી રાખવી અને જો કોઈ જગ્યાએ સ્ટ્રીટ લાઈટના થાંભલામાં અર્થીંગ થવાના કારણે વિજ કરન્ટ પસાર થતો જણાય તો તેવી જગ્યાએ કોઈપણ સંજોગોમાં પસાર થવુ નહી તેમજ સ્ટ્રીટલાઈટનાં પોલને અડવું નહી અને તે બાબતની જાણ તાત્કાલીક રીતે નગરપાલીકાને કરવી. એકંદરે ચોમાસાની ઋતુ દરમીયાન સ્ટ્રીટ લાઈટના થાંભલા કે સ્ટ્રીટ લાઈટના વાયર પાસેથી પસાર થતી વખતે ખૂબ જ કાળજી રાખવી તેમ છતાં જો કોઈ અકસ્માત કે નૂકશાન થશે તો તેની જવાબદારી જે તે વ્યકિતની અંગત રહેશે. જેની આથી જાહેર જનતાએ ગંભીરતાથી નોંધ લેવા વિનંતી.

**ચીફ ઓફીસર,**
**સાવરકુંડલા નગરપાલિકા**

તારીખ : 30/07/2026

# વીરડી સ્થિત નેમિનાથ મહાકાળી આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી...

## મોટી સંખ્યામાં હરિભક્તોએ ગુરુવંદના કરી આશીર્વાદ મેળવ્યા





ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે સાવરકુંડલા તાલુકાના વીરડી ગામ સ્થિત નેમિનાથ મહાકાળી આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી ગુરુવંદના કરી પરમ પૂજ્ય ધનસુખનાથ બાપુના પાવન આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ પવિત્ર અવસરે સાવરકુંડલા-લીલિયા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પરમ પૂજ્ય ધનસુખનાથ બાપુના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા તેમજ ગુરુના મહિમા અને ભારતીય સંસ્કૃતિમાં ગુરુના અવિસ્મરણીય સ્થાન અંગે પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા.

આશ્રમનું સમગ્ર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. હરિભક્તોએ શ્રદ્ધાભાવપૂર્વક ગુરુપૂજન, ગુરુવંદના અને આશીર્વાદ ગ્રહણ કરી પોતાના જીવનમાં સન્માર્ગે આગળ વધવાની પ્રેરણા મેળવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કરતો યાદગાર બની રહ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

NAYARA ENERGY

## મહત્વપૂર્ણ જાહેર સૂચના

### Nayara Energy Ltd.

# શ્રીનાથજી પેટ્રોલિયમ

(નાયરા પેટ્રોલ પંપ)

અમરેલી રોડ, સાવરકુંડલા

માનવંતા ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે,

હવે અમારા પેટ્રોલ પંપ ઉપર

**રાત્રીના ૧૦ કલાકથી**
**સવારે ૬ કલાક સુધી**

પેટ્રોલ અને ડીઝલનું વેચાણ બંધ રહેશે.

આથી તમામ ગ્રાહકોએ
આ સમયની નોંધ લેવા વિનંતી છે.

આપને થતી અસુવિધા બદલ
અમે દિલગીર છીએ.
આપના સતત સહકાર અને સમજણ બદલ
હૃદયપૂર્વક આભાર.

*આપનો વિશ્વાસ,*
*અમારી જવાબદારી.*




# શ્રીનાથજી પેટ્રોલિયમ (નાયરા પેટ્રોલપંપ)

અમરેલી રોડ, સાવરકુંડલા

તારીખ : 30/07/2026

# મોંઘીબા મહિલા કૉલેજ-અમરેલી ખાતે ઈનોવેશન ક્લબના ઉપક્રમે " સ્વ.પ્રો.એન. કે. ત્રિવેદી વ્યાખ્યાનમાળા" અંતર્ગત તૃતીય મણકારૂપ સ્મૃતિ વ્યાખ્યાન યોજાયું...









શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ,અમરેલી ખાતે ઈનોવેશન ક્લબ અને શ્રી કિશોરભાઈ મહેતાના સહયોગથી તા.29/07/2026 ના રોજ અંગ્રેજી વિભાગ દ્વારા કોલેજના આદ્ય સ્થાપક,આચાર્ય અને અંગ્રેજી સાહિત્યના વિદ્વાન સ્વ.પ્રો.એન.કે.ત્રિવેદી સાહેબની સ્મૃતિવંદના રૂપે આયોજિત વ્યાખ્યાનમાળા અંતર્ગત તૃતીય મણકારૂપ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષના વ્યાખ્યાનનો વિષય "Cultural Theory / ies and the Changing Dynamics of English Studies" હતો.

આ વ્યાખ્યાનમાળામાં વક્તા તરીકે ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બાબરાના અંગ્રેજીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.પાર્થભાઈ જોષી સાહેબે ઉપસ્થિત રહી વિવેચનાત્મક સૂઝ સાથે વ્યાખ્યાન આપ્યું. 'સંસ્કૃતિ' શબ્દના વિવિધ સમયે વિવિધ વિદ્વાનોએ આપેલા અર્થઘટનો ઉપર પ્રકાશ પાડી વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓ સાથે બૌદ્ધિક ચર્ચા કરી, જેમાં તેમણે કલ્ચરલ સ્ટડિઝના ઈતિહાસનો પરિચય આપી કાર્લ માર્ક્સ, રિચાર્ડ હોગાર્ટ ,રેમન્ડ વિલિયમ્સ અને સ્ટુઅટ હોલ જેવા મહાન સામાજિક વિચારકોનો ઉલ્લેખ કરી મનનીય વક્તવ્ય આપ્યું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થઈ. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.વિલાસબેન સોરઠિયાએ ઉપસ્થિત વક્તાશ્રીનું શબ્દોથી સ્વાગત કરી પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વર્ગીય પ્રો. એન. કે ત્રિવેદી સાહેબના સદ્ગુણો તથા મોંઘીબા મહિલા કોલેજ માટેના તેઓના યોગદાન વિષયક સંસ્મરણો વાગોળ્યા હતા. સ્વ.ડૉ.એન.કે.ત્રિવેદી સાહેબની કાર્યનિષ્ઠા,અંગ્રેજીભાષામાં તેઓનું પ્રદાન અને તેઓના ઉમદા વ્યક્તિત્વ વિશે પ્રકાશ પાડ્યો હતો. અંગ્રેજી વિભાગના વડા પ્રો.જૈમિન જોશીએ કન્સેપ્ટ નોટ આપીને વક્તાનો પરિચય કરાવ્યો હતો. કોલેજના ટ્રસ્ટીશ્રી માનનીય કિશોરભાઈ મહેતા સાહેબ દ્વારા પ્રાયોજિત, સ્વ.પ્રો.એન.કે. ત્રિવેદી સાહેબને સન્માનિત કરવા અને શ્રદ્ધાંજલિ અર્પવાના હેતુસર શૈક્ષણિક વર્ષ 2025-26 માં ટી.વાય.બી.એ. મેજર અંગ્રેજી વિષયમાં કોલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર કુ.તિથિ વિજયભાઈ ઠાકરને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્વ. પ્રો.એન.કે. ત્રિવેદી સાહેબના સુપુત્ર અને મોંઘીબા કોલેજના વહીવટી વિભાગના સંનિષ્ઠ કર્મચારી શ્રી સ્નેહલભાઈ ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને અંતે અંગ્રેજી વિભાગના પ્રો.ભૂષણ જોશીએ આભારવિધિ કરી હતી. ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# ખાંભા ગુરુકુળમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી...









ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે. ગુરુપૂર્ણિમા (વ્યાસ પૂર્ણિમા)ના પાવન અવસરે ખાંભા ગુરુકુળ ખાતે પૂજ્ય રાધારમણ સ્વામીની પવિત્ર પ્રેરણાથી ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી.મહોત્સવમાં ખાંભા સંતમંડળ ઉપરાંત બહારગામથી પધારેલા સંતો તથા મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ગુરુવંદના કરી સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સંતોએ ગુરુપૂર્ણિમાનું મહત્વ, ગુરુ-શિષ્ય પરંપરા અને જીવનમાં સદગુરુના માર્ગદર્શન વિશે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું.કાર્યક્રમ દરમિયાન ભજન-કીર્તન, ધૂન અને ગુરુમહિમાના ગાનથી સમગ્ર ગુરુકુળ પરિસર ભક્તિમય બની ગયું હતું. હરિભક્તોએ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા બાદ ગુરુજી નું પૂજન કર્યું અને મહાપ્રસાદનો લાભ લીધો. આ સાથે આયોજિત નિઃશુલ્ક આંખના નિદાન કેમ્પમાં પણ અનેક લોકોએ પોતાની આંખોની તપાસ કરાવી આરોગ્યલાભ મેળવ્યો હતો.આ પ્રસંગે દેશના અગ્રણી તથા અખિલ ભારતીય આતંકવાદ વિરોધી મોરચાના અધ્યક્ષ મનિન્દરજીતસિંહ બિટ્ટા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ગુરુભક્તિ, આધ્યાત્મિકતા અને ભારતીય સંસ્કૃતિના સંસ્કારોથી ઓતપ્રોત રહ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 30/07/2026

# શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલામાં શ્રદ્ધા અને ઉત્સાહભેર થયેલી 'ગુરુપૂર્ણિમા'ની ઉજવણી





નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલ, nss યુનિટ સાવરકુંડલા દ્વારા ભારતીય સંસ્કૃતિના મહાન પર્વ 'ગુરુપૂર્ણિમા'ની ઉજવણી અત્યંત ઉત્સાહપૂર્વક અને ભાવાત્મક વાતાવરણમાં કરવામાં આવી હતી. ગુરુ પ્રત્યેની અપાર શ્રદ્ધા અને સમર્પણ ભાવ વ્યક્ત કરવા માટે શાળાના વિદ્યાર્થીઓએ સ્વહસ્તે બનાવેલાં સુંદર શુભેચ્છા કાર્ડ, ચોકલેટ અને ગિફ્ટ આપીને પોતાના શિક્ષકોનું સન્માન કર્યું હતું. ઉજવણીના ભાગરૂપે પ્રથમ ચાર તાસ દરમિયાન વર્ગ સુશોભન, ગીત સ્પર્ધા તેમજ વક્તૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક સૂઝને બહાર લાવવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આજના દિવસે શાળાના આચાર્યશ્રી અને સમગ્ર શિક્ષક સ્ટાફે ક્રમશઃ દરેક ધોરણમાં જઈને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલાં મનોહર વર્ગ સુશોભનનું નિરીક્ષણ કર્યું હતું. આ તકે આચાર્યશ્રી તથા વર્ગશિક્ષકો દ્વારા દરેક વર્ગમાં વિદ્યાર્થીઓને સંસ્કાર અને જીવનમૂલ્યો વિશે પ્રેરણાદાયી ઉપદેશ પૂરો પાડવામાં આવ્યો હતો.

આ ઉજવણીને અનુલક્ષીને આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયકોએ સરાહનીય ભૂમિકા ભજવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે તૃપ્તિબેન ભરાડ અને રફીકભાઈ ભોરણીયાએ સેવા આપી હતી, જ્યારે ગીત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે નિરલબેન અને માંજરીયા સર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, સમગ્ર ચિત્ર સ્પર્ધાનું સફળ આયોજન માંજરીયા સર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આશય અને વિષયને અનુરૂપ સોહિલ સર, માંજરીયા સર તેમજ શાળાના આચાર્યશ્રી ચેતનભાઈ ગુજરીયાએ પોતાના સચોટ અને પ્રેરણાદાયી વિચારો રજૂ કરીને સૌ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આ ત્રણેય સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે બીજા દિવસે વિશેષ પ્રાર્થના સભામાં અનોખા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંકલન અને સફળ સંચાલન શાળાના ઉત્સાહી શિક્ષક શ્રી જયંતીભાઈ ખડદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યશ્રી ચેતનભાઈ ગુજરીયાના કુશળ માર્ગદર્શન હેઠળ અને સમગ્ર શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફના અદ્ભુત સહકારથી ગુરુપૂર્ણિમાનો આ કાર્યક્રમ અત્યંત યાદગાર અને સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# ગાધકડા પ્રાથમિક શાળામાં રૂ. 68 લાખના વર્ગખંડોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશ કસવાળાએ કર્યો પ્રારંભ



સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામની પ્રાથમિક શાળામાં અંદાજિત ₹68 લાખના ખર્ચે નવા વર્ગખંડોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારાસભ્ય મહેશ કસવાળાના હસ્તે આ વિકાસલક્ષી કાર્યનો શુભ પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ગામજનો, શાળા પરિવાર, આગેવાનો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાળાએ જણાવ્યું હતું કે, ગુણવત્તાસભર શિક્ષણ માટે આધુનિક અને સુવિધાસભર શૈક્ષણિક માળખું ઊભું કરવું એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓને સ્વચ્છ, સુરક્ષિત અને તમામ જરૂરી સુવિધાઓથી સજ્જ વર્ગખંડો ઉપલબ્ધ થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. નવા વર્ગખંડોના નિર્માણથી ગાધકડા ગામના વિદ્યાર્થીઓને વધુ અનુકૂળ અને પ્રેરણાદાયી શૈક્ષણિક વાતાવરણ મળશે. આનાથી વધતી વિદ્યાર્થી સંખ્યાને અનુરૂપ પૂરતી જગ્યા ઉપલબ્ધ બનશે અને શિક્ષણની ગુણવત્તામાં પણ વધારો થશે. આ પ્રોજેક્ટ માત્ર ઈમારતનું નિર્માણ નથી, પરંતુ ગામના બાળકોના ઉજ્જવળ ભવિષ્યમાં કરવામાં આવેલું મહત્વપૂર્ણ રોકાણ છે. ગ્રામજનો અને શાળા પરિવારે આ વિકાસ કાર્ય બદલ રાજ્ય સરકાર તથા ધારાસભ્ય મહેશ કસવાળાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, કામગીરી સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ થશે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 30/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## પ્રવાસની પરફેક્ટ શરૂઆત અમારી સાથે

JTC HOL!DAYS
Beyond The Imagine




- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોમેર્શિયક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- કોર્પોરેટ ટુર
- એડવેન્ચર ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર







## A to Z Tours
નું પ્લાનિંગ અને પેકેજીંગ

બેસ્ટ પ્રાઈસ તેમજ બેસ્ટ સર્વિસ અમે આપીશું

પ્લાન છે ફરવાનો ?
એકવાર અમારી સંપર્ક કરો
યાદગાર ટુરની ગેરંટી

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

- બેસ્ટ પ્રાઈસ ગેરંટી
- સેફટી & સિક્યોરીટી
- 24x7 સપોર્ટ
- 100% સેટિસ્ફેકશન

94264 58189

*Luxury awaits, Memories stay*

તારીખ : 30/07/2026

# બાબરામાં 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજનાની માહિતી સાથે વૃક્ષારોપણ કરાયું

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, અમરેલી અંતર્ગત ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વુમન (DHEW) ટીમ દ્વારા બાલિકા પંચાયતના સભ્યો સાથે પ્રેરણાદાયી સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન બાલિકાઓને બાલિકા પંચાયત બુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી 'બેટી બચાવો, બેટી પઢાવો' (BBBP) યોજના અંતર્ગત B B B P લોગોવાળી કેપનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.આ અવસરે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ તથા બાળિકાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે અમલમાં રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સાથે જ ઉપસ્થિત બાલિકાઓને પોતાના ગામ અને સમાજમાં વધુમાં વધુ લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓની માહિતી પહોંચાડવા તથા તેનો લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવી હતી.કાર્યક્રમને વધુ અર્થપૂર્ણ બનાવવા




બાલિકાઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં D H E W ટીમના સ્ટાફ, મુખ્ય સેવિકા તેમજ આંગણવાડી કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાલિકાઓમાં નેતૃત્વ ક્ષમતા વિકસાવવાની સાથે મહિલાઓ અને બાળિકાઓના અધિકારો, શિક્ષણ, સુરક્ષા અને સશક્તિકરણ અંગે જાગૃતિ લાવવાનો રહ્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# આઈ.ટી.આઈ.સાવરકુંડલા ખાતે ભરતીમેળાનું આયોજન




જીલ્લા રોજગાર કચેરી અમરેલી તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા સાવરકુંડલા ના સંયુક્ત ઉપક્રમે દેશની પ્રતિષ્ઠિત કંપની E D F International Networks અને Credit Access Grameen Limited મા જરૂરી ટેકનિકલ તેમજ નોન ટેકનીકલ મેનપાવર માટેની ભરતી માટે તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ આઈ.ટી.આઈ.સાવરકુંડલા ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ હતું..

આ ભરતીમેળામાં ધો. ૧૦,૧૨,આઈ.ટી.આઈ., તથા ડિપ્લોમા એન્જી. પાસ કરેલ એમ કુલ ૯૮ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.તે પૈકી ૭૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે તેવું આઈ.ટી.આઈ. સાવરકુંડલાના આચાર્યશ્રીએ યાદીમાં જણાવેલ છે.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી




અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં | **લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# ખાંભા તાલુકાના ઈંગોરાળા ખાતે પંચમુખી હનુમાનજી મહારાજ મંદિરે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામ સ્થિત શ્રી પંચમુખી હનુમાનજી મહારાજ મંદિરે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે પરમ પૂજ્ય બાલકદાસ બાપુ તથા કરુણાનિદાનદાસ બાપુના પાવન સાનિધ્યમાં ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઓલ ઈન્ડિયા એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ એમ. એસ. બિટ્ટાસિંહજી દર વર્ષની પરંપરા મુજબ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હનુમાનજી મહારાજ, રાધે-કૃષ્ણ તથા ગુરુજીઓના આશીર્વાદ મેળવ્યા હતા. રાજ્ય કક્ષાના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા સહિત સંત-મહંતો, આગેવાનો અને મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી મહોત્સવને ગૌરવવંતો બનાવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન ગુરુપૂજન, ગુરુવંદના, સંતોના આશીર્વચન, ભજન-કીર્તન તેમજ હનુમાન ચાલીસાના સામૂહિક પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજે પાંચથી છ હજાર જેટલા ભક્તોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઈંગોરાળા ગામના ગ્રામજનો, આગેવાનો, દાતાશ્રીઓ અને સેવાભાવી કાર્યકરોએ ઉત્સાહભેર સહયોગ આપ્યો હતો. મહાપ્રસાદના દાતા તરીકે અશ્વિનભાઈ બાલુભાઈ સભાયા, કમલેશભાઈ ગોવિંદભાઈ સભાયા, મીત અશ્વિનભાઈ સભાયા તથા સમગ્ર ઈંગોરાળા પરિવારે સેવાભાવથી યજમાનપદ નિભાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કરુણાનિદાનદાસ બાપુ દ્વારા કરવામાં આવ્યું હતું.આ સમગ્ર મહોત્સવ ભક્તિ, સેવા, સંસ્કાર અને ગુરુભક્તિનું પ્રેરણાદાયી કેન્દ્ર બની રહ્યો હતો.







નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હવે બનશે આપના ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




### મુખ્ય સુવિધાવો

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગુગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશયલ મીડિયા લિંક્સ

### જેમાં તમને મળશે..

- તમારો પોતાનો **ડીઝીટલ સ્ટોર**
- ઓર્ડર અને ગ્રાહકોનો **સરળ રેકોર્ડ**
- તમારા ધંધાનું **ઓનલાઈન માર્કેટ**
- મોબાઈલમાં સરળ અને **ઝટપી મેનેજમેન્ટ**
- ગ્રાહકો સાથે **સીધી વાત**
- **ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ**
- વિશ્વસનીય, સુરક્ષિત અને **વિશ્વાસપાત્ર**




એક ક્લિકમાં આપનો ધંધો, **દુનિયાભરમાં ઓળખ !**

વધુ ગ્રાહકો | વધુ વિશ્વાસ | વધુ વેચાણ | વધુ વૃદ્ધિ

તારીખ : 30/07/2026

# જે. વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલાના વિદ્યાર્થીઓએ 70મી એસ.જી.એફ.આઈ. રમતોત્સવમાં નોંધાવી શાનદાર સિદ્ધિ



70મી એસ.જી.એફ.આઈ. રમતોત્સવ અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં જે. વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમતગમતનું પ્રદર્શન કરીને શાળા અને શહેરનું ગૌરવ વધાર્યું છે.અંડર-17 કબડ્ડી સ્પર્ધામાં શાળાની ટીમે ફાઈનલ સુધીનો સફળ પ્રવાસ કરીને રનર-અપ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તેમજ અંડર-17 ખો-ખો સ્પર્ધામાં પણ ફાઈનલમાં પહોંચીને રનર-અપ બની શાનદાર દેખાવ કર્યો હતો.વ્યક્તિગત સ્પર્ધામાં વિદ્યાર્થી ચૌહાણ આયુષ્માને 100 મીટર દોડમાં તાલુકા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વધુમાં વિદ્યાર્થી મેર ધ્રુવની કબડ્ડી માટે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પસંદગી થઈ છે, જ્યારે વિદ્યાર્થી ચૌહાણ આયુષ્માનની ખો-ખો માટે જિલ્લા કક્ષાએ પસંદગી થતાં સમગ્ર શાળા પરિવારમાં હર્ષની લાગણી વ્યાપી છે.આ સિદ્ધિ બદલ શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી જીતુભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમની મહેનત અને રમતવીર ભાવનાની પ્રશંસા કરી હતી. નૂતન કેળવણી મંડળના પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી , ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા, ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં વધુ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

જે. વી. મોદી હાઈસ્કૂલ સતત શૈક્ષણિક તેમજ રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી રહી છે. કોચ તરીકે શ્રી નીતિનભાઈ સાવજે સફળતાપૂર્વક કામગીરી બજાવી હતી.

તારીખ : 30/07/2026

# ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન સંચાલિત સાવરકુંડલા પ્રભુનો પ્રસાદ

ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન દ્વારા દરરોજ જાહેર સ્થળોએ વસતા ભિક્ષુકો તેમજ જરૂરિયાતમંદ પ્રભુના સ્વરૂપ સમાન લોકો સુધી પ્રેમ, સન્માન અને આત્મીયતા સાથે પૌષ્ટિક ભોજન પહોંચાડવાની નિઃસ્વાર્થ સેવા કરવામાં આવે છે.

આ સેવાયજ્ઞને આજે સફળતાપૂર્વક ૧ વર્ષ પૂર્ણ થયું છે.આ એક વર્ષ દરમિયાન આપ સૌના પ્રેમ, સહયોગ અને આશીર્વાદથી હજારો જરૂરિયાતમંદ લોકો સુધી ભોજન પહોંચાડવાનો સૌભાગ્ય મળ્યો છે.આગામી સમયમાં પણ આ સેવા અવિરત ચાલુ રહે અને વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે, તે માટે આપનો સતત સહયોગ અને આશીર્વાદ અમૂલ્ય છે."નર સેવા એ જ નારાયણ સેવા."

ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન પરિવાર તરફથી હાર્દિક આભાર.:::









કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

# જામકા વાડીમાંથી કોલ આવતા ટીમ સ્થળ પર પહોંચી'તી: જોખમી સગર્ભાની 108માં જ ડિલિવરી થતા માતા અને પૂત્રનો જીવ બચી ગયો



જામકા ગામ વાડી વિસ્તારમાં એક શ્રમિક મહિલાને પ્રસુતિ ની પીડા ઉપડતા મેંદરડા 108 એમબુલન્સ પર ફરજ પર ના E M T હિરેન અગ્રાવત અને પાઈલોટ મૌલિક શ્યારા મહીલા ને લેવા માટે નિકળી ગયા હતાં.આ મહિલા ને એમ્બ્યુલન્સ માં લીધા બાદ તપાસ કરતા આ સગર્ભા માતાને પ્રુસુતી ની પીડા માં ખૂબજ વધારો થવાથી એમ્બ્યુલન્સ માં જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી સાથે સાથે આ સગર્ભા માતાને લોહીની ટકાવરી ઓછી અને માતાનો વજન ખૂબ ઓછો હોવાથી અને ત્રીજી વખત સગર્ભા હોવાથી આ મહિલા ખૂબજ જોખમી જાણતા 108 હેડ ઓફિસ ના ઈમરજન્સી ફિજીસિયન ડો . રુચિબેનનાં માર્ગદર્શનથી આ મહિલા ની E M T હિરેન અગ્રાવત દ્વારા સળતાપૂર્વક ડિલિવરી કરવામા આવી હતી. સારી કામગીરી બદલ જુનાગઢ જિલ્લાના અધિકારી જયેશ ગીરી પ્રોગ્રામ મેનેજર આકાશ ભાઈ દ્વારા 108 ઈમરજન્સી સેવાના કર્મચારીઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી.


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"માઝા મૂકે એને સાગર શેં કહેવાય ? ભરતી ન લાવે એને ચંદ્ર શેં કહેવાય ?તૃષા ન છિપાવે એને જળ શેં કહેવાય ? સુવાસ ન પ્રસરાવે એને પુષ્પ શેં કહેવાય ?તો જેના મુખમાંથી શુભ-સુંદર-સાત્ત્વિક વાતો ન નીકળે એને સજ્જન શેં કહેવાય ?"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



नो नेगेटीव न्यूज़

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3469**
**30/07/2026**
**Thursday**

## आत्मा

'गुरुपोर्णिमा' वह पावन दिन होता है, जब शिष्य की आत्मा गुरु की आत्मा मे समा जाती है,

बाबास्वामी
30/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

તારીખ : 30/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગલગલીયા

**ડૉક્ટર:** દવા સમયસર લેતા રહેજો.
દર્દી: જો હું ભૂલી જાઉં તો?
ડૉક્ટર: પછી યાદ આવે ત્યારે બે વાર પસ્તાવો કરજો!.....

**શેઠ:** તું રોજ મોડો કેમ આવે છે?
નોકર: સાહેબ, તમે જ કહ્યું હતું કે "મોડું થાય તો ધીમે આવવું!" .........

**મિત્ર:** તું ક્યારેય જૂઠું બોલે છે?
બીજો: ના. મિત્ર: ખરેખર?
બીજો: હા... આ જ તો આજનું પહેલું જૂઠું હતું!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 30/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 30 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૭૬૨ – બગદાદનો પાયો નંખાયો.

૧૯૩૦ – મોન્ટેવિડિયોમાં ઉરુગ્વેએ પ્રથમ ફિફા વર્લ્ડ કપ જીત્યો.

૧૯૬૬ – ઈંગ્લેન્ડે પશ્ચિમ જર્મનીને હરાવી ૧૯૬૬નો ફિફા વર્લ્ડ કપ જીત્યો.

૨૦૦૬ – વિશ્વનો સૌથી લાંબા સમય સુધી પ્રસારિત સંગીત કાર્યક્રમ ટોપ ઓફ ધ પોપ્સ બીબીસી ॥ પર છેલ્લી વખત પ્રસારિત થયો. આ શો ૪૨ વર્ષથી પ્રસારિત થયો હતો.

૨૦૧૨ – દિલ્હીમાં વીજસંકલન નિષ્ફળતાથી ઉત્તર ભારતમાં અંધારપટ છવાયો, 300 મિલિયનથી વધુ લોકો વીજળી વિના રહી ગયા.

## જન્મ

૧૮૨૨ – વાજીદ અલી શાહ, (Wajid Ali Shah) અવધના અંતિમ નવાબ અને ઠુમરી સંગીતના જન્મદાતા (અ. ૧૮૮૭)

૧૯૩૯ – ભારતી શેલત, ભારતીય પુરાતત્વવિદ્ (અ. ૨૦૧૮)

૧૯૫૧ – ગેરી જુડાહ, ભારતીય-અંગ્રેજી ચિત્રકાર અને શિલ્પકાર

૧૯૬૯ – રીટા કોઠારી, લેખિકા અને અનુવાદક

૧૯૭૩ – સોનુ નિગમ, ભારતીય ગાયક અને અભિનેતા

## અવસાન

૧૯૫૩ – અરદેશર ખબરદાર, ગુજરાતી કવિ, વિવેચક, નાટ્યકકાર (જ. ૧૮૮૧)

૨૦૦૯ – ક્ષેમુ દિવેટિયા, ભારતીય સંગીતકાર અને ગાયક (જ. ૧૯૨૪)

## તહેવારો અને ઉજવણીઓ

મૈત્રી દિવસવિશ્વ માનવ તસ્કરી વિરોધ દિવસ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી** ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

40K

100K

**સંપર્ક : મો. 94997 97973**